પુરૂષ જ્ઞાનનું અને સ્ત્રી ભક્તિનું પ્રતિક છે, ભક્તિ સામે જ્ઞાનને માથું ઝુકાવવું જ રહ્યું
- મોરારી બાપુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર
gandhinagarsamachar.com

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૫ | ૫ જુલાઇ, ૨૦૧૩, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં મેઘરાજાની પાવન પધરામણી





(તસવીર : દિપક જાની)



## રાતથી શરૂ થયેલો વરસાદ આખો દિવસ વરસ્યો : ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ વરસ્યો : નીચાણવાળા માર્ગો પર પાણી ભરાયા : વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર, તા.૪

લગભગ પંદર દિવસના વિરામ બાદ મેઘો ગાંધીનગરાઓ પર રીઝયો છે. ગઈકાલ રાતથી ધીમી ધારે શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ જામી પડયો હતો. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાતા સૌના હૈયે ટાઢક પહોંચી છે.

જુન માસના બીજા પખવાડિયાની શરૂઆતમાં મેઘરાજાએ ભારે ધડબડાટી બોલાવી સૌને અકળાવનારી ગરમીથી છુટકારો અપાવી દીધો હતો. વહેલુ ચોમાસુ બેસવાનો સૌને આનંદ હતો જો કે તે પછી આકાશમાંથી વાદળો ગાયબ થઈ ગયા હતા અને ઉઘાડ નીકળ્યો હતો. લગભગ પંદર દિવસ સુધી વરસાદ ખેંચાતા સૌ કોઈ ચિંતામાં મુકાયા હતા. મોંઘુ બિયારણ લાવી ખેતરોમાં વાવણી કરનાર ખેડૂતોના કપાળે પણ ચિંતાની લકીર જોવા મળતી હતી. છેલ્લા એક અઠવાડિયાથી પુનઃ આકાશમાં વાદળો છવાતા જોવા મળ્યા હતા. જો કે આ કાળા ડિબાંગ વાદળો આભાસી પુરવાર થયા હતા અને વરસાદ પડતો ન હતો. વળી વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતા બફારો પણ વધતો જતો હતો અને વસાહતીઓ હેરાન પરેશાન થતા હતા. ગઈકાલે આખો દિવસ આકાશ વાદળોથી ઘેરાઈ ગયા બાદ મોડી રાત્રે ધીમી ધારે વરસાદ વરસવો શરૂ થયો હતો. લગભગ એક કલાક સુધી



એકધારો વરસાદ ચાલુ થતાં વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. રાત્રે પણ થોડા થોડા સમયના અંતરે વરસાદી ઝાંપટા પડી જતા હતા. ગઈકાલે રાત્રે ૮ થી આજે સવારે ૮ વાગ્યા સુધી ગાંધીનગરમાં ૨૧.૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

આજે સવારથી જ મેઘરાજાએ આક્રમક મુડમાં બેટીંગ શરુ કરી હતી. સ્કુલ અને ઓફિસ ખુલવાના સમયે વરસાદ ચાલુ રહેતા સૌને હેરાન થવું પડયું હતું. રેઈનકોટ અને છત્રી લઈને જતા સૌ નજરે પડતા હતા. શાળાઓ અને કચેરીઓમાં હાજરી પણ ઓછી જણાતી હતી. બપોરે વરસાદનું જોર વધ્યું હતું અને છેક સાંજે પાંચ વાગ્યા સુધી સતત વરસાદ પડતો રહ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. જો કે વરસાદની ગતિ ધીમી હોવાથી પાણી ઝડપથી વહી ગયા હતા. આજે સવારે ૮ થી સાંજે ૫ કલાક દરમિયાન ૮૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. આમ છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૯ મી.મી. વરસાદ નોંધાયો હતો જયારે મૌસમનો કુલ વરસાદ ૨૨૬ મી.મી. સુધી પહોંચ્યો છે. હજુ આગામી બે ત્રણ દિવસ આવો જ વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. આજે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૦ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનુંપ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૧૦૦ ટકા નોંધાયું હતું.





(તસવીર : નટુભાઈ પટેલ)



# ખેતર મલક્યાં, પાણી છલક્યાં, ઉકલ્યા બધા ઉખાણાં...

## જિલ્લામાં કાચા સોના જેવા વરસાદથી ખેડૂતો ખુશખુશાલ : વરસાદને વધાવતા : ચુડાસમા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં ગઈકાલ મોડી રાત્રીથી થઈ રહેલા સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. મુરઝાતા પાકોને જીવતદાન મળી ગયુ છે તેમજ સમગ્ર જિલ્લામાં સરેરાશ ૩ ઈંચ જેટલો વરસાદ થતાં ખેડૂતો આ વરસાદને કાચુ સોનુ પડી રહ્યું છે તેમ કહી વધાવતા જણાયા હતા.

ગઈકાલે સાંજના સાત વાગ્યાથી શરૂ થયેલો વરસાદ આજે આખો દિવસ પણ પડ્યો હતો. વરસાદના આગમનની સાથે જ ખેડૂતોએ વાવણીનું કાર્ય વેગીલુ બનાવી દીધુ છે. જિલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં જ ગ્રામ્ય વિસ્તારના તળાવોમાં પણ પાણીની સારી એવી આવક થવા પામી છે. ઉત્તર ગુજરાતની મુખ્ય નદી સાબરમતીમાં પણ પાણીની ધીમી ગતિએ પાણી વહેતુ થવા પામ્યું છે. તેમજ ધરોઈ બંધમાં પણ પાણીની આવક નોંધાઈ છે.

જિલ્લાના ચારેય તાલુકામાં સૌથી સારો વરસાદ માણસા તાલુકામાં સવાચાર ઈંચ જેટલો તેમજ ગાંધીનગર કલોલમાં ચાર ચાર ઈંચ અને દહેગામ તાલુકામાં ૨॥ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

૨૦ દિવસની રાહ જોવડાવ્યા બાદ આજે આવેલા વરસાદને રાંધેજા ખાતે પંચાયત તેમજ શિક્ષણ વિભાગના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે આજે કાચુ સોનુ વરસી રહ્યું છે. કૃષિ જગતમાં હવે વાવણીની મોસમ પૂરબહારમાં ખીલશે. તેમણે વરસાદના વધામણાં કરતાં જણાવ્યું હતું કે સમયસરના આ વરસાદથી પાકનું વાવેતર અને ઉત્પાદન વધશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાઈ જવાની નાની મોટી ફરિયાદો ઉભી થવા પામી છે. પણ સતત વરસાદને લઈ આ નગણ્ય ફરિયાદો છે. જમીન તરસી હોવાથી પાણી ઝડપથી જમીનમાં ઉતરી જશે તેવું ખેડૂતો કહી રહ્યા છે. ગ્રામ્ય

● અનુસંધાન પાના-૭ પર

Happy Birthday





માન્યાબા અસ્વાર
જન્મ તારીખ : ૫-૭-૨૦૧૧
પપ્પા : રવિન્દ્રસિંહ ● મમ્મી : અનિતાબા
ગાંધીનગર

લાઈફને રિચાર્જ કરનારાં આ પુસ્તકો વસાવો

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380 001
ફોન : 22144663, 22149660
ઈમેલ : goorjar@gmail.com

અમારાં અન્ય સંપર્કસૂત્રો
ગુર્જર સાહિત્ય પ્રકાશન
સંસ્કાર સાહિત્યમંદિર

આ ઉપરાંત આપની પસંદગીનું કોઈપણ ગુજરાતી પુસ્તક
ઘેરબેઠાં મેળવવા માટે
ફોન 079-26761366

ફેમિલી-લાઈફની પ્રસન્નતાનું સરનામું બતાવતાં રોહિત શાહનાં તદ્દન નવાં પુસ્તકો



દરેક પુસ્તકનાં પૃષ્ઠ : 144 ✦ દરેકની કિંમત રૂ. 100

આરોગ્ય સાથે આનંદનો અનુભવ કરાવતાં ડૉ. મુકુન્દ મહેતાનાં પુસ્તકો

વાનગી વિષયક ચટાકેદાર પુસ્તકો

લગ્નપ્રસંગે ભેટ આપવા જેવાં પુસ્તકો
લગ્નસાગર
કિંમત રૂ. 150/-
પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી
કિંમત રૂ. 150/-
સાસુ વહુ ડોટ કોમ